# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-05-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day :FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# JUNAGADH LION VACCINATION

બેબીસિયા બીમારીને પગલે થયેલા સિંહોના મોત બાદ ગીર જંગલના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં સિંહોનું રસીકરણ શરૂ કરાયું છે. ધારી વિસ્તારમાં પાંચ સિંહોના મોત થયાના સમાચાર પ્રાપ્ત થયા બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગીરના સિંહોના રક્ષણ માટે સમીક્ષા બેઠક યોજી હતી. રાજ્ય વન મંત્રી અર્જુન મોઢવાડિયાના જણાવ્યા મુજબ ગીરમાં 20 સિંહના લોહીના નમૂના લઈને ચકાસણી હાથ ધરવામાં આવી છે.

# INDRODA PARK FACILITIES

ગાંધીનગરના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં અબોલ વન્યજીવોને હીટસ્ટ્રોક એટલે કે, લૂથી બચાવવા વનવિભાગ દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી. ઉદ્યાનમાં પ્રાણીઓ માટે 15 મોટા કૂલર, 20 અત્યાધુનિક પાણીના છંટકાવ કરતા યંત્ર અને વિટામિનયુક્ત આહારની સુવિધા કરવામાં આવી છે. કાળઝાળ ગરમી વચ્ચે પશુ-પક્ષીઓના આવાસમાં તાપમાન ચાર ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટાડાયું છે.

ગુજરાત પરિસ્થિતિવિષયક અભ્યાસ અને સંશોધન સંસ્થા – ગીર ફાઉન્ડેશન દ્વારા સંચાલિત આ પ્રાણી સંગ્રહાલયમાં એપ્રિલ મહિનાથી કરાયેલી આ વ્યવસ્થા ચોમાસાની શરૂઆત સુધી કાર્યરત્ રહેશે તેમ, સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# SURAT PLANTATION

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારના 12 વર્ષ પૂર્ણ થવા નિમિતે સુરત જિલ્લાના કામરેજ ખાતે રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરાયું. આ પ્રસંગે શ્રી પાનસેરિયાએ નાગરિકોને પર્યાવરણ બચાવવા અપીલ કરી.

**(BYTE - PRAFUL PANSERIA_ MINISTER OF STATE)**

# VAV-THARAD DEATH

વાવ-થરાદના કરણપુરા ગામમાં ખેત તલાવડીમાં ડૂબી જવાથી બે શ્રમિકના મોત થયા છે. અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે ખેત કામ કરતા શ્રમિકો સાંજના સમયે ખેત તલાવડીની પાળ પર બેઠા હતા. તે દરમિયાન અચાનક એક યુવાનનો પગ લપસી જતાં તે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. મિત્રને બચાવવા માટે બીજો યુવાન પણ પાણીમાં ઉતર્યો હતો, પરંતુ તે પણ પાણીમાં ડૂબી જતાં બંને યુવકોના મોત થયા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ટીમે બંને યુવાનોના મૃતદેહ બહાર કાઢ્યા હતા.

# ARAVALLI BSNL TOWER

કેન્દ્ર સરકાર દ્વારા અરવલ્લીમાં ભારતીય સંચાર નિગમન લિમિટેડ – BSNLના 18 ટાવરને મંજૂરી અપાઈ છે. ગ્રામ્ય, પહાડી અને અંતરિયાળ વિસ્તારોમાં લાંબા સમયથી ચાલતી મોબાઈલ નેટવર્કની સમસ્યાના નિરાકરણ માટે આ જાહેરાત કરવામાં આવી છે. સાંસદ શોભના બારૈયાએ આ નિર્ણય બદલ કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો છે.

(VOICECAST: ANKIT CHAUHAN)

# NARMADA-OVERFLOW

મહેસાણામાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત કુલ 33 તળાવો નર્મદાના નીરથી ભરવામાં આવશે. અમારાં પ્રતિનિધિના જણાવ્યા અનુસાર સાંસદ હરિભાઈ પટેલની રજુઆતને પગલે 10 કરોડ 60 લાખ રૂપિયાના ખર્ચે સિંચાઈ અને પીવાના પાણી માટે ઊંઝાના બ્રહ્મણવાડાથી માતપુર વચ્ચે પાઇપલાઇન યોજનાને મંજૂરી મળી છે.

તેવીજ રીતે સવા પાંચ કરોડ રૂપિયાના ખર્ચે સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ ખેરવા પાઈપલાઈન યોજનાને મંજૂરી મળી છે. જેમાં 3 તાલુકા ના 9 ગામો ના 10 તળાવો ને નર્મદા ના પાણીથી જોડાશે. આ પગલાંથી ભૂગર્ભજળના સ્તર ઊંચા આવશે અને સિંચાઈ માટે પૂરતું પાણી મળશે.

# WEATHER FORECAST

રાજ્યમાં આવતીકાલથી આગામી ચાર જૂન સુધી કેટલાક જિલ્લામાં માવઠાની આગાહી છે. હવામાન વિભાગની યાદી મુજબ, આવતીકાલે બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, ગીર સોમનાથ, દમણ તથા દાદરા અને નગરહવેલી જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે.

# IPL

IPL ક્રિકેટમાં આજે ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે બીજી ક્વોલિફાયર મેચ રમાશે. આ મેચ ચંદીગઢના મહારાજા યાદવિન્દ્ર સિંહ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં સાંજે 7:30 વાગ્યાથી રમાશે.

આ મેચની વિજેતા ટીમ રવિવારે અમદાવાદમાં યોજાનારી ફાઇનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ટકરાશે.